ગુજરાત જાહેર સેવા આયોગ

***સેક્ટર-૧૦-એ, છ-૩"પરિણામ" સર્કલ પાસે, "છ"રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦***

***ફોન નં- (૦૭૯)-૨૩૨-૫૮૯૮૦ Web Site : https://gpsc.gujarat.gov.in***

**❖ અગત્યની જાહેરાત ❖**

**ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ (જા.ક્ર.૦૫/૨૦૨૬-૨૭)માં મુખ્ય પરીક્ષા માટે સફળ થયેલ ઉમેદવારો માટે**

ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ (જા.ક્ર.૦૫/૨૦૨૬-૨૭)ની જગ્યાઓ પર ભરતી કરવા માટે તા.૦૭/૦૬/૨૦૨૬ ના રોજ યોજાયેલ પ્રાથમિક પરીક્ષામાં કામચલાઉ સફળ જાહેર થયેલા ઉમેદવારોનું પરિણામ તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ સફળ **કુલ-૬૦૯૯** ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા (લેખિત) માટે "Online" અરજી કરવાની રહેશે. ***ઉમેદવારો તા.૦૬/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાક થી તા.૨૭/૦૮/૨૦૨૬ ના રોજ ૨૩:૫૯ કલાક સુધીમાં ઓનલાઇન ફોર્મ અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે.*** ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકો તથા પ્રમાણપત્રો ઉકત જગ્યાઓના ભરતી નિયમો, ભરતી (પરીક્ષા) નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબના લાયકી ધોરણની ચકાસણી કર્યા સિવાય જરૂર જણાયે ઉમેદવારોને તદ્દન કામ ચલાઉ ધોરણે મુખ્ય પરીક્ષા (લેખિત)માં પ્રવેશ આપવામાં આવશે. મુખ્ય પરીક્ષા (લેખિત)માં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈ પણ પત્ર વ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

***નોંધ-* ઉમેદવારે સૌ પ્રથમ મુખ્ય પરીક્ષાનું ફોર્મ ભરવાનું રહેશે અને ત્યારબાદ જ પ્રમાણપત્રો અપલોડ કરવાના રહેશે. (ઉમેદવાર મુખ્ય પરીક્ષાનું ફોર્મ ભર્યા વગર પ્રમાણપત્રો અપલોડ કરવાનો પ્રયત્ન કરશે તો "Application not found"નો મેસેજ આવશે.)***

- મુખ્ય લેખિત પરીક્ષા સંભવત: ગાંધીનગર/અમદાવાદ ખાતે યોજાશે. મુખ્ય લેખિત પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ હવે પછી આયોગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે

**♦ ઉમેદવારોએ નીચે દર્શાવેલ અગત્યની સૂચનાઓ ધ્યાને લેવી ♦**

- **ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના ફોર્મમાં પ્રશ્નપત્ર માટે ભાષા પસંદગી અંગેની સૂચના**

**જાહેરાતની જોગવાઇ નં-૧૩ પરીક્ષાની રૂપરેખા મુજબ પરીક્ષા નિયમોના નિયમ-૬ મુજબ પ્રાથમિક કસોટી તથા મુખ્ય લેખિત પરીક્ષાનું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી નિયત થયેલ છે. આ નિયમ મુજબ મુખ્ય લેખિત પરીક્ષાના પ્રશ્નપત્ર -૧ નુ માધ્યમ ગુજરાતી તથા પ્રશ્નપત્ર-૨ નું માધ્યમ અંગ્રેજી રહેશે. પ્રશ્નપત્ર-૦૩ થી પ્રશ્નપત્ર-૦૭ (નિંબધ અને સામાન્ય અભ્યાસ ૧,૨,૩,૪) માટે મુખ્ય પરીક્ષાના ફોર્મ ભરતી વખતે જ ઉમેદવારે કયું પ્રશ્નપત્ર કઈ ભાષામાં તેઓ લખવા ઈચ્છે છે તે અંગે પસંદગી આપવાની રહેશે. ઉમેદવારે આપેલ પસંદગીમાં પાછળથી કોઈ પણ પ્રકારનો ફેરફાર કરી આપવામાં આવશે નહીં/ફેરફારની અરજી સ્વીકારવામાં આવશે નહીં.**

**ઉમેદવાર દ્વારા જરૂરી ડોક્યૂમેન્ટ અપલોડ કર્યા બાદ SUBMIT કરવામાં આવેલ ન હોય ત્યાં સુધી મુખ્ય પરીક્ષાનું ફોર્મ ભરવાની છેલ્લી તા.૨૭/૦૮/૨૦૨૬ સુધીમાં પ્રશ્નપત્ર કઈ ભાષામાં લખવા ઇચ્છે તે ભાષા વિકલ્પ આપી શકાશે. પરંતુ, એકવાર ડોક્યુમેન્ટ અપલોડ કરી SUBMIT કર્યા બાદ મુખ્ય પરીક્ષાના ફોર્મમાં આપેલ વિકલ્પ જ આખરી ગણવામા આવશે.**

**૩) ઉમેદવારે પ્રશ્નપત્રના ઉત્તર માટે જે ભાષા મુખ્ય પરિક્ષાના ફોર્મમાં દર્શાવેલ હશે તે જ ભાષામાં જવાબવહીમાં ઉત્તરો લખવાના રહેશે, જો ઉમેદવારે મુખ્ય પરીક્ષાના ફોર્મમાં પસંદ કર્યા સિવાયની ભાષામાં કોઇ એક કે તેથી વધુ પ્રશ્નોના ઉત્તર લખેલા હશે તો તેઓના તે પ્રશ્નોના ગુણ ગણાશે નહિં/તે પ્રશ્નોની ચકાસણી કરવામાં આવશે નહિં.**

૪) ઉમેદવાર કોઇ પ્રશ્નોના ઉત્તરમાં તેઓ જે કોઇ કહેવતો/Quotation નો ઉપયોગ કરવા ઇચ્છે તો તે પૂરતું અન્ય ભાષામાં લખી શકશે. પરંતુ સમગ્રપણે મુખ્ય પરીક્ષાના ફોર્મમાં આપેલ વિકલ્પ મુજબની ભાષામાં જ ઉત્તર લખવાનો રહેશે.

**૫) ઉમેદવારે મુખ્ય પરીક્ષાના ફોર્મમાં પ્રશ્નપત્ર દીઠ પસંદ કરેલ ભાષા ની વિગતો ઉમેદવાર કોલલેટરમાં પણ જોઈ શકશે તથા તે મુજબ જ ઉત્તરવહી પર વિકલ્પ ટીક/Encode કરવાનો રહેશે. આ બાબતે ભવિષ્યમા જો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો ઉમેદવાર દ્વારા મુખ્ય પરીક્ષાના ફોર્મમાં આપેલ વિકલ્પ જ આખરી ગણવામા આવશે.**

**૬) અગાઉ જા.ક્ર.-૨૪૦/૨૪-૨૫ માં પ્રશ્નપત્રનું માધ્યમ બદલવા અંગે ઉમેદવારોની રજૂઆતો આયોગ દ્વારા ધ્યાને લેવાયેલ હતી. પરંતુ, પ્રસ્તુત જાહેરાતમાં મુખ્ય પરીક્ષાનું ફોર્મ ભર્યા બાદ ભાષાના માધ્યમ બદલવા અંગેની કોઇપણ રજૂઆતો ધ્યાને લેવામાં આવશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.**

**૫) મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક તથા ડોક્યુમેન્ટ online અપલોડ કરવાની રીત :**

૧. મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક ભરવા માટે "http://gpsc-ojas.gujarat.gov.in" વેબસાઇટ પર જવાનું રહેશે.

૨. વેબસાઇટ પર CALL LETTER/FORM સેક્શનમાં જઇ MAIN EXAM CALL LETTER/FORM પર ક્લિક કરવાનું રહેશે. ત્યાર બાદ SELECT JOB માં તમારી જાહેરાત પસંદ કરી કન્ફર્મેશન નંબર અને DATE OF BIRTH INSERT કરવાના રહેશે અને OK બટન પર ક્લીક કરવાનું રહેશે.

૩. આમ કરવાથી પ્રાથમિક પરીક્ષાના અરજીપત્રકમાં ભરેલ માહિતી જોવા મળશે.

૪. ઉમેદવારે પોતાની તમામ વિગતો ભરીને SAVE બટન પર ક્લીક કરવાનું રહેશે.

૫. SAVE કર્યા બાદ "https://gpsc-iass.gujarat.gov.in" પર ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે સ્ક્રિન/વિન્ડો દેખાશે.

૬. નીચે દર્શાવેલ **"મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે અપલોડ કરવાનાં પ્રમાણપત્રોની યાદી"** સૂચવ્યા મુજબનાં તમામ ડોક્યુમેન્ટ/પ્રમાણપત્રો ઉમેદવારે અપલોડ કરવાનાં રહેશે. તેમાં ચૂક થયેથી તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે.

૭. ઉમેદવાર દ્વારા તમામ ડોક્યુમેન્ટ અપલોડ કર્યા બાદ "SUBMIT" બટન પર ક્લિક કરી SUBMIT કરવાનું રહેશે.

૮. SUBMIT કર્યા બાદ ડોક્યુમેન્ટ અપલોડ કર્યા અંગેની રસીદ અચૂક મેળવી લેવાની રહેશે.

૯. ઉમેદવાર જો બિન-અનામત કક્ષાનો હશે તો ડોક્યુમેન્ટ SUBMIT કર્યા બાદ PRINT MAIN EXAM FORM/PAY FEES પર ક્લિક કરી, તુરંત જ પ્રથમ અરજી ફી ભર્યા બાદ (તે અંગેની રસીદ મેળવી લેવી). ત્યાર બાદ મુખ્ય લેખિત પરીક્ષાનું અરજીપત્રક (MAIN APPLICATION FORM) ની પ્રિન્ટ અથવા ડાઉનલોડ કરી પોતાની પાસે સાચવીને રાખવી.

૧૦. ઉમેદવાર જો અનામત કક્ષાનો હશે તો ડોક્યુમેન્ટ SUBMIT કર્યા બાદ PRINT MAIN EXAM FORM/PAY FEES પર ક્લિક કર્યા બાદ મુખ્ય લેખિત પરીક્ષાનું અરજીપત્રક (MAIN APPLICATION FORM) ની પ્રિન્ટ અથવા ડાઉનલોડ કરી પોતાની પાસે સાચવીને રાખવી.

૧૧. બિનઅનામત (General) કક્ષાના ઉમેદવારોએ રૂ. ૨૦૦/- ફી ભરવાની રહેશે તેઓ ઓનલાઇન/પોસ્ટ ઓફિસમાં ફીની ચૂકવણી કરી શકશે. બિનઅનામત (General) કક્ષાના ઉમેદવારો ઓનલાઇન ફી **તા.૨૯/૦૮/૨૦૨૬, ૨૩:૫૯ કલાક** અને પોસ્ટ ઓફિસમાં કચેરી સમય સુધી ભરી શકશે.જો ઉમેદવારે ફીની ચૂકવણી કરી હોય અને ફીના નાણા બેંક માંથી કપાયેલ હોય અને તેની પહોંચ ન મળી હોય તો ઉમેદવારે HELP/QUERY માં CHECK YOUR PAYMENT STATUS પર ક્લીક કરીને જાણી શકશે.

૧૨. ડોક્યુમેન્ટસ અપલોડ કરવાની વિગતવાર સૂચનાઓ https://gpsc-iass.gujarat.gov.in પોર્ટલના HOME PAGE પર મુદ્દા નંબર-૬ પર CLICK HERE TO VIEW GUIDELINES FOR UPLOADING APPLICATION SCRUTINY DOCUMENTS શિર્ષક હેઠળ દર્શાવેલ છે. જે ઉમેદવારોએ ડોક્યુમેન્ટ્સ અપલોડ કરતા પહેલા ખાસ જોઇ લેવાની રહેશે.

૧૩. ઉમેદવાર દ્વારા જરૂરી ડોક્યુમેન્ટ અપલોડ કર્યા બાદ SUBMIT કરવામાં આવેલ ન હોય ત્યાં સુધી મુખ્ય પરીક્ષાનું ફોર્મની વિગતો જોઈ શકશે. પરંતુ, એકવાર ડોક્યુમેન્ટ અપલોડ કરી SUBMIT કર્યા બાદ મુખ્ય પરીક્ષાના ફોર્મમાં આપેલ વિગતો જ આખરી ગણવામા આવશે.

**૬)** ઉપરોક્ત સૂચનાઓ અનુસાર **તા.૨૭/૦૮/૨૦૨૬, ૨૩:૫૯ કલાક** સુધીમાં ઉમેદવારોએ ONLINE મુખ્ય પરીક્ષાનું ફોર્મ ભરીને ત્યાર બાદ સૂચવ્યા મુજબનાં તમામ દસ્તાવેજો અપલોડ કરીને SUBMIT કરેલ હશે તેવા ઉમેદવારો જ મુખ્ય (લેખિત) પરીક્ષાનાં CALL LETTER ડાઉનલોડ કરી શકશે અને તેવા ઉમેદવારો જ મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે.

## ♦ મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે અપલોડ કરવાનાં પ્રમાણપત્રોની યાદી ♦

(૧) જન્મ તારીખના પુરાવા માટે SSCEનું પ્રમાણપત્ર (ધોરણ ૧૦ની માર્કશીટ અથવા ક્રેડીટ સર્ટીફીકેટ બેમાંથી એક કે જેમાં જન્મ-તારીખ દર્શાવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે. જન્મ તારીખનો દાખલો કે શાળા છોડયાનું પ્રમાણપત્ર ઉંમરના પુરાવા માટે માન્ય ગણાશે નહીં)

(૨) સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિનું પ્રમાણપત્ર.

(૩) મૂળ જાહેરાતના મુદ્દા ક્ર-૮(૬) તથા (૭) સંદર્ભે સા.અને શૈ.પ. વર્ગના ઉમેદવારો માટે નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતીમાં) **તા.૦૧/૦૪/૨૦૨૪ થી તા.૨૭/૦૮/૨૦૨૬ સુધી ઇશ્યુ થયેલ)** 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર'.

(૪) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:એ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં **તા.૨૮/૦૮/૨૦૨૩ થી તા.૨૭/૦૮/૨૦૨૬ સુધીમાં મેળવેલ પ્રમાણપત્ર.**

જો કોઇ ઉમેદવાર બિન અનામત સિવાયની કેટેગરીમાં અરજી કરેલ હશે પરંતુ આયોગ દ્વારા માંગણી થયા બાદ પણ જરૂરી પ્રમાણપત્રો રજૂ કરી શકે નહીં તે સંજોગોમાં અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઇ પણ છૂટછાટ લીધેલ ન હોવાની શરતે તે જો બિન અનામત કક્ષાની મેરીટમાં આવતો હોય તો સંબંધિત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબક્કે ઉમેદવારને બિન અનામત ગણવામાં આવી શકે છે. પરંતુ કોઇપણ ઉમેદવાર જો બિન અનામત તરીકે અરજી કરશે તો તેની કેટેગરી અરજી ચકાસણી કે અન્ય કોઇ તબક્કે બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૫/૧૨/૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંક:HFWD/MSME/e-file/7/2024/1833/A થી દિવ્યાંગ ઉમેદવારો માટે દિવ્યાંગતા પ્રમાણપત્ર અંગે ભારત સરકારના તા.૧૫/૦૬/૨૦૧૭ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ The Rights of Persons With Disabilities Rules, 2017 ના Chapter-VII(Certificate of Disability) અનુસાર નિયત કરવામાં આવેલ(Form-V, VI,VII) "દિવ્યાંગતા પ્રમાણપત્ર"ને માન્ય રાખવામાં આવશે અને પ્રસ્તુત દિવ્યાંગતા પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારે Chapter-VII (Certificate of Disability)ના (Form-IV) મુજબ અરજી કરવાની રહેશે. આથી, હવે આ પ્રકારનુ દિવ્યાંગતા પ્રમાણપત્ર જ માન્ય રાખવામાં આવશે. જે પરિપત્ર માટે આ લિંક પર ક્લિક કરો https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/PwD_Disability_Certificate_15122025c.pdf જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં. (૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્ર. સીઆરઆર-૧૦૨૦૦૦-જી.ઓ.આઇ.૭-ગ.૨ તથા તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૨૦૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ની જોગવાઇ મુજબ બેંચમાર્ક દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ દિવ્યાંગતાના લાભો મળવાપાત્ર રહેશે.

(૬) સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮-૧૧-૮૯ના પરિપત્ર ક્રમાંક: એફઓએ-૧૦૮૮-૩૯૪૦-ગ.૨થી નિયત કરવામાં આવેલ નમૂનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના વાંધા પ્રમાણપત્ર" રજૂ કરવાનું રહેશે.

(૭) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ/ જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૮) અટક અથવા નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની/લગ્ન નોંધણી પ્રમાણપત્ર.

(૯) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ.

(૧૦) સ્નાતકનાં ગુણપત્રક (છેલ્લું વર્ષ/ છેલ્લા-૨ સેમેસ્ટરના ગુણપત્રક. છેલ્લા સેમેસ્ટર માં બેકલોગ હોય તો છેલ્લે પાસ કરેલ સેમેસ્ટરની બેકલોગ વગરની માર્કશીટ અપલોડ કરવી. એક કરતા વધુ Mark Sheets હોય તો તમામને સ્કેન કરી મર્જ કરી સિંગલ pdf બનાવવી અને તે pdf અપલોડ કરવી.)

(૧૧) સ્નાતક પદવી પ્રમાણપત્ર.

(૧૨) તબીબી, દંત વિષયક અને પશુ ચિકિત્સા વિષયક જાહેરાતો માટે ઇન્ટર્નશીપ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર (other certificate module માં અપલોડ કરવું)

(૧૩) વિદેશની યુનિવર્સિટીમાંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ (Other Certificate Module માં અપલોડ કરવું)

(૧૪) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો/પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. (Other Certificate Module માં અપલોડ કરવું)

(૧૫) જાહેરાતની જોગવાઈ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો કે ફી ભર્યાની પહોંચ Other Certificate Module માં અપલોડ કરવાના રહેશે.

***ખાસ સૂચના :–***

- અરજી સાથે ઉપર દર્શાવેલ પ્રમાણપત્રો પૈકી લાગુ પડતા હોય તેવા જ પ્રમાણપત્રો/પુરાવા PDF,JPEG,JPG કે PNG ફોર્મેટમાં અપલોડ કરવાના રહેશે. લાગૂ પડતા ન હોય તેવા પ્રમાણપત્રો/પુરાવા સામેલ કરવાના રહેશે નહીં. ઉમેદવારે અસલ(Original) પ્રમાણપત્રો જ સ્કેન કરી અપલોડ કરવાના રહેશે. જો કોઇ કારણસર અસલ ઉપલબ્ધ ન હોય તો અસલની જગ્યાએ ઝેરોક્ષ/નકલ હશે તો ઉમેદવારે સ્વયં પ્રમાણિત (Self-attested) કરીને અપલોડ કરવાના રહેશે. ઉમેદવાર દ્વારા મોકલવામાં Physical/offline અરજીપત્રક અને પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવશે નહીં.
- જો પ્રમાણપત્રો અપલોડ કરવાના સંબંધિત module માં એક કરતાં વધારે પ્રમાણપત્રો અપલોડ કરવાનાં થતા હોય તો તમામને સ્કેન કરી merge કરી એક pdf બનાવી અપલોડ કરવી.
- જરૂરી પ્રમાણપત્રોના નમૂના આયોગની વેબસાઇટ "https://gpsc.gujarat.gov.in/Download" Download સેક્શનમાં જોવા.
- મુખ્ય પરિક્ષાનું ફોર્મ, ફી ભર્યે અને પ્રમાણપત્રો અપલોડ કર્યેથી મળતાં SMS system generated હોય છે, જે એક વધારાની સવલત છે. પરંતુ, પ્રમાણપત્રો અપલોડ કરવાનાં પુરાવા રૂપે ઉમેદવારે: E-Receipt of uploaded Document" સાચવવાની રહેશે.વધુમાં, મુખ્ય પરીક્ષાનું ફોર્મ ભરી ડૉક્યુમેન્ટસ અપલોડ કર્યા બાદ ઉમેદવાર તે SUBMIT કરશે ત્યારબાદ જ ઉમેદવારને PRINT MAIN EXAM FORM દેખાશે જેની નકલ પણ ઉમેદવારે રાખવાની રહેશે.
- ઉમેદવારે ઓનલાઈન ભરેલ મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક (MAINS APPLICATION FORM) ડાઉનલોડ કરીને તેની પ્રિન્ટ લઈને સાચવી રાખવાની રહેશે. આયોગ દ્વારા માંગવામાં આવે ત્યારે રજૂ કરવાનું રહેશે.

| મુખ્ય પરીક્ષાનું ફોર્મ ભરવાની તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ, સમય અને વેબસાઇટ |
|---|
| તા.૨૭/૦૮/૨૦૨૬ રાત્રે ૨૩:૫૯ કલાક સુધી<br>https://gpsc-ojas.gujarat.gov.in/ અને https://gpsc-iass.gujarat.gov.in |
| બિનઅનામત (General) કક્ષાના ઉમેદવારોએ રૂ. ૨૦૦/- ફી ભરવાની રહેશે તેઓ ઓનલાઇન/પોસ્ટ ઓફિસમાં ફીની ચૂકવણી કરી શકશે. બિનઅનામત (General) કક્ષાના ઉમેદવારો ઓનલાઇન ફી તા.૨૯/૦૮/૨૦૨૬, ૨૩.૫૯ કલાક અને પોસ્ટ ઓફિસમાં કચેરી સમય સુધી ભરી શકશે. |

**તા.૦૬/૦૮/૨૦૨૬**